# વ્યાખ્યાન : ૬૨ - આચાર્ય રત્નચંદ્રજીની શ્રુતસાધના

## શ્રી ગુણવંત બરવાળિયા

એક સુંદર ઉપવન વિભિન્ન વૃક્ષો, રંગબેરંગી પુષ્પો, જાતજાતનાં પંખીઓના કલરવ વગેરે ભાત-ભાતની વસ્તુઓથી સુશોભિત હોય ! એમ છતાં સહુ ઉપવનની શોભામાં જ અભિવૃદ્ધિ કરતા હોય તેમ આપણા જૈન ધર્મમાં પંથ, સંપ્રદાયની વિવિધતા ભલે હોય પણ સહુનું અંતિમ લક્ષ તો મોક્ષ પ્રાપ્તિ જ છે.આચાર્ય ભગવંતો દિગંબર, સ્થાનકવાસી, તેરાપંથી, શ્વેતામ્બર એમ કોઈપણ સંપ્રદાયના આચાર્ય હોય પણ સહુની શ્રુતસાધનાનો અંતિમ સૂર મોક્ષલક્ષી જ હોય છે. સ્થાનકવાસી પરંપરામાં પંદર જેટલા વિભિન્ન સંપ્રદાયના સાધુ-સાધ્વીજી, આચાર્યોએ જૈન શ્રુત સંપદાને સમૃદ્ધ કરી છે. એમાં દરિયાપૂરી, રત્ન સંપ્રદાય, ખંભાત, ઋષિ સંપ્રદાય, ગોંડલ, અજરામર, લીંબડી સર્વે સંપ્રદાયના આચાર્ય ભગવંતોએ મોક્ષલક્ષી સાધનાનું શ્રુત સાહિત્ય રચ્યું છે.

### સ્થાનકવાસી સંપ્રદાયના આચાર્યોની શ્રુતગંગા :

સ્થાનકવાસી સંપ્રદાયમાં ઘણાં એવા આચાર્ય, સંતો થઈ ગયા જેમણે પ્રત્યેક સાંપ્રદાયિક સીમાઓને ઓળંગીને માત્ર જૈનધર્મનાં સાહિત્ય અને તેમની શ્રુત આરાધનાને જ મહત્વ આપ્યું છે. એમાં મુનિ શ્રી સંતબાલજી, મધુકર મુનિ અને જયંતમુનિ વિષે સંક્ષિપ્તમાં માહિતી જોઈએ :

### મુનિ શ્રી સંતબાલજી :

મુનિશ્રી સંતબાલજી (જ. 26 ઑગસ્ટ 1904, ટોળ, ટંકારા, તા. મોરબી; અ. 26 માર્ચ 1982) : હિંદુ, બૌદ્ધ, જૈન, ઇસ્લામ, ખ્રિસ્ત અને જરથુષ્ટ્રનાં ષડ્દર્શનનો ગુણાત્મક સમન્વય કરનાર સમાજસેવક. માતા મોતીબાઈ અને પિતા નાગજીભાઈ. મૂળ નામ શિવલાલ. તેઓ પાંચ વર્ષની ઉંમરના હતા ત્યારે પિતાનું અવસાન. સાત ગુજરાતી સુધીનો અભ્યાસ. પૈસા કમાવા મુંબઈ ગયા.

### જીવનનાં ત્રણ વિશિષ્ટ પ્રસંગો :

મુંબઈમાં વસવાટ દરમ્યાન સૌભાગ્ય મુનિ સાથે પરિચય થતાં તેમના જીવનમાં વૈરાગ્યનાં બીજ રોપાયા પરંતુ જયારે દીક્ષા લેવાનો ભાવ થયો ત્યારે તેમના કુળના ગુરુ નાનચંદ્રજી મહારાજ સાહેબ પાસે જવાનું નિરધાર્યું. જયારે દીક્ષા અંગીકાર કરવાની પરવાનગી પ્રાપ્ત થઈ ત્યારે સૌ પ્રથમ સૌભાગ્ય મુનિ પાસે જઈને અનુમતિ માંગી. આ પ્રસંગ દ્વારા તેમનામાં રહેલ પ્રજ્ઞા, વિવેકગુણની માહિતી મળે છે.

વૈરાગ્ય અંગીકાર પૂર્વે જ તેમનું વેવિશાળ દિવાળી બહેન સાથે કરવામાં આવ્યું હતું. જયારે ભગવાન મહાવીરના પંથે જવાનો નિર્ણય કરે છે ત્યારે તેઓ દિવાળી બહેન પાસે જઈને ઘણી વિનમ્રતાથી કહે છે કે, "મારે સંસાર માંડવો નથી અને મારે દીક્ષા લેવી છે. જો તમને પણ આ માર્ગ પર  સંત સતીઓ માર્ગદર્શન આપશે અને જો તમારે સંસાર માંડવો હોય તો એક ભાઈ તરીકે બહેનને વીરપસલી રૂપે સાડી ભેંટ આપું છું. મને શુભેચ્છા આપો કે હું આ પંથમાં આગળ વધુ." એવો સૌજન્યશીલ સંવાદ પછી અનુમતિ લઈને દીક્ષા અંગીકાર કરે છે.

મોરબી રાજ્યમાં દીક્ષા પર પ્રતિબંધ હતો એટલે ત્યાં દીક્ષા થતી ન હતી. ઉપાશ્રયમાં દીક્ષા લેતાં પૂર્વે શિવલાલ (સાંસારિક નામ)જીએ પ્રવચન આપ્યું અને તે સમયે મોરબીના રાજા લખતી રાજ ત્યાં ઉપસ્થિત હતાં.એ પ્રવચનથી અત્યંત પ્રભાવિત થયા. તેમણે રાજ્યમાંથી દીક્ષા પરનો પ્રતિબંધ ઉઠાવી લઈને આ દીક્ષામાં તેઓ સ્વયં સહભાગી થશે તેવું જાહેર કર્યું.

દીક્ષા અંગીકાર કર્યા પછી દસ વર્ષ સુધી શ્રુતસાધના કરી. તેમણે ધર્મનો અભ્યાસ કરીને સાહિત્યનાં 62 પુસ્તકોનું સર્જન કર્યું. એમાં 'ધર્માનુબંધ વિશ્વદર્શન'નાં દસ ગ્રંથો રચ્યા.'ધર્મ આધારિત સમાજ રચના'ના ત્રણ ગ્રંથ, 'લોકાં શાહના જીવનની લેખમાળા' પ્રગટ કરી.આચારાંગ સૂત્રને મહાત્મા ગાંધીજીને અર્પણ કર્યું હતું કારણકે તેઓ ગાંધીજીના આચારથી પ્રભાવિત હતા.

સંતબાલજીના ગુરુ પૂ. નાનચંદ્રજી. સંતબાલજી તેમનાં માનવતાવાદી પ્રવચનોથી આકર્ષાયા. પરિણામે સંતબાલજીએ પોતાનું જીવન તેમનાં ચરણોમાં ધરી. સંતબાલજીએ સત્-સાહિત્ય અર્થે 'વિશ્વવાત્સલ્ય' પાક્ષિક પણ પ્રગટ કર્યું હતું. વળી મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર દ્વારા તેમણે શ્રી ઉત્તરાધ્યયન, શ્રી દશવૈકાલિક અને શ્રી આચારાંગસૂત્રના અનુવાદનું તેમજ અન્ય પદ્ય સાહિત્ય પણ પ્રગટ કર્યું હતું. મુનિ સૌભાગ્યચંદ્ર ત્યારપછી 'સંતબાલ'ના નામે ઓળખાવા લાગ્યા.

ચીંચણી (જિ. થાણા, મહારાષ્ટ્ર)માં રહીને મહાવીરનગરને એમના અનુબંધના પ્રયોગનું કેન્દ્ર તેમણે બનાવ્યું. સાધુ, સંત અને સેવકનું સંકલન કરી તેમને સેવા માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું. વળી વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ દ્વારા સ્ત્રીઓના સર્વાંગીણ વિકાસ માટે માતૃસમાજને માર્ગદર્શન પણ આપ્યું. મોરારજી દેસાઈએ ગુણાનુવાદ સભામાં 'મહાન સંત' તરીકે બિરદાવ્યા હતા.

## શ્રી મધુકર મુનિ :

સ્થાનકવાસી સંપ્રદાયમાં ઘણા આચાર્યોએ આગમો વિષે કાર્ય કર્યું હતું એમાં મધુકર મુનિ, ઘાંસીલાલજી મહારાજ, અમરમુનિ વગેરે. મધુકર મુનિએ બત્રીસ આગમોનું સર્જન જ કર્યું પરંતુ એક-એક પ્રાકૃત ગાથાઓનો અર્થ, તેમના પારિભાષિક શબ્દાર્થ, સંક્ષિપ્ત વિવેચન વગેરેની જાણકારી આપી જેથી સામાન્યમાં સામાન્ય માણસ પણ સમજી શકે.સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુની જન્મ શતાબ્દીએ પ્રકાશન કરવામાં આવ્યું.

સાંસારિક નામ મિસરીમલજી હતું. જૈન ગચ્છમાં દીક્ષા લીધી હતી. તેમને આચાર્યનું પદ આપવામાં આવ્યું ત્યારે તેમણે વિનમ્રતાથી કહ્યું કે, 'આચાર્ય પદ કરતાં તેમને માટે જૈનધર્મનાં સંગઠન અને જૈનશ્રુત રચનામાં વધુ રસ છે તેથી આચાર્ય પદ પાછું આપું છું.' સંગઠનના વિશિષ્ટ કર્યો કરીને શ્રમણ સંઘની આગેવાની લીધી. તેમના કાર્યોને જોઈને આનંદ ઋષિએ 'યુવાચાર્ય'ના પદથી સન્માનિત કર્યા. શ્રમણ સંઘમાં રહીને 51 જૈન કથાના પુસ્તક રચ્યા.

## પરમ દાર્શનિક જયંત મુનિ :

1913 સૌરાષ્ટ્રના દલખાણિયામાં જન્મ થયો હતો. પરિવારમાંથી પાંચ વ્યક્તિઓએ દીક્ષા લીધી હતી. પિતાશ્રી જગજીવનજી મહારાજ હતા અને તેમની સાથે કાશીમાં અભ્યાસ કરવા ગયા અને 38 ગ્રંથોનું સર્જન કર્યું. માત્ર જૈન ધર્મનો જ નહીં પણ ગીતા, મહાભારત તેમજ વિદેશી ધર્મગ્રંથોનો અભ્યાસ કરીને ગ્રંથોની રચના કરી. આત્મસિદ્ધિ શાસ્ત્ર પર અભ્યાસ કરીને 'આત્મસિદ્ધિ ભાષ્ય'ના ત્રણ ગ્રંથો આપ્યા, શ્રીમદ રાજચંદ્રનું કાવ્ય 'અપૂર્વ અવસર' નું વિવેચન, 'અલૌકિક ઉપ્લબધિ', પિતા જગજીવનજી મહારાજે શ્રી કૃષ્ણ પર 1500 દુહા અને શ્રી ઋષભજી પર 1500 દુહાનું સર્જન કર્યું હતું તેનું રસદર્શન શ્રી જયંત મુનિએ કરીને આપણને જેનદ્રષ્ટિએ 'શ્રી કૃષ્ણ ચરિત્ર', 'ઋષભ ચરિત્ર'ની રચના કરી. 'ઈલા અલંકાર' માં ઈલાયચી કુમારની મનોદશા, નર્તકી અને તેના પિતાના ઊચ્ચ વિચારો દ્વારા હલકી જણાતી જ્ઞાતિનાં લોકોનાં ઉત્કૃષ્ટ વિચારોને અભિવ્યક્ત કરે છે.

જૈન સાહિત્ય જ્ઞાનસત્ર તેમની નિશ્રામાં ઝારખંડમાં કરવામાં આવ્યું.અનેક વિદ્વાનોએ એમાં હાજરી આપી હતી એમાં શ્રી કુમારપાળ દેસાઈએ પ્રશ્ન કર્યો કે, આજકાલ આરંભ સમારંભ, દેખાડોનો અતિરેક થઈ રહ્યો છે. સાકાર અને નિરાકારનું ચક્ર નિરંતર ચાલ્યા કરે. જનસમૂહ એમાં રાચતો હોય. નિરાકારમાં નીરસતા લાગે એટલે જગતને સાકાર તરફ વિશેષ રસ લાગે. આ ચક્ર તો ચાલતું રહે પણ આપણે એમાં સમતા અને સમભાવમાં રહેવું એ જ આપણો ધર્મ. એવું ખૂબજ શાંતિથી સમજાવ્યું. કોઈ મતની ટીકા ન કરી કે ખંડન પણ ન કર્યું માત્ર પરમ દાર્શનિક રીતે, મનોવૈજ્ઞનિક રીતે માનવના માનસને સમજીને સમાધાન આપ્યું.

'અરિહંત વંદનાવલિ', 'ભક્તામર સ્તોત્ર', કલ્યાણ મંદિર સ્તોત્ર વગેરેનું વિવેચન કરીને આશરે અઢાર જેટલાં ગ્રંથોની રચના કરી. પરમદાર્શનિક તરીકે પ્રખ્યાત થયા કારણકે દર્શન શાસ્ત્રમાં અપૂર્વ યોગદાન હતું.

## શતાવધાની આચાર્ય રત્નચંદ્રજી :

## ભૂમિકા

ભારતની પશ્ચિમે આવેલો કચ્છ પ્રદેશ ત્યાંના લોકોની સાહસિકતા શૂરવીરતા અને સરળતા માટે જગતમાં પ્રસિદ્ધ છે. રણપ્રદેશની આ કઠોર ભૂમિમાં રહેતા મનુષ્યના હૃદય કોમળ હોય છે, પણ તેમની જીવનચર્યા કડક હોય છે. આ કચ્છના ભોરારા ગામે વિશા ઓસમાણનું એક પ્રતિષ્ઠિત કુટુંબ વસતું હતું. તેમાં ગૃહ સ્વામી શ્રી વીરપાળ શેઠ અને ગૃહલક્ષ્મી શ્રીમતી લક્ષ્મીબાઈનું સાત્વિક અને પ્રસન્ન દાંપત્યજીવન બે દીકરાઓ ના જન્મથી ધન્ય બન્યું. મોટાનું નામ નથુભાઈ અને નાનાનું નામ રાયશીભાઈ. આ નાના દીકરા રાયશીભાઈ જ પાછળથી શ્રી રત્નચંદ્રજી મહારાજ તરીકે જાણીતા બન્યા. તેમનો જન્મ વિ.સં. ૧૯૩૬ના વૈશાખ સુદ બારસને દિવસે ભોરારા ગામમાં થયો હતો.

## બાલ્યકાળ વેપારનો પ્રારંભ :

એ જમાનામાં કેળવણીનો પ્રચાર ઘણો ઓછો હતો અને તેમાં વળી કચ્છનો પછાત વિસ્તાર તેથી રાયશીને ગામઠી શાળામાં જ કેળવણી માટે મૂકવામાં આવ્યો. ભણવામાં રાયશી તેજસ્વી હતો, તેની સ્મરણશક્તિ ઘણી સારી હતી. દસ વર્ષની વયે સાતમી પરીક્ષા પાસ કર્યા પછી ઊચ્ચ શિક્ષણની વ્યવસ્થા ન હોવાથી કુટુંબીઓએ બંને પુત્રોને વેપાર-ધંધાની તાલીમ અર્થે મુંબઈ મોકલી દીધા. આમ દસ વર્ષની નાની ઉંમરે પોતાના મોટાભાઈ નથુભાઈ સાથે રાયશીભાઈ અનાજના વેપારમાં જોડાયા. ગંભીર સ્વભાવના રાયશીભાઈ રમતગમત કે ખેલકૂદના બદલે વેપારમાં ઠીક સ્થિર થયા. વેપાર અંગે કોઈ કોઈ વાર તને ઈન્દોર નજીક આવેલા સનાવદ ગામે જવું પડતું અને રહેવું પડતું. આ દરમિયાન તેમણે તાર-ટપાલ ઉકેલવા માટે અંગ્રેજીનું જ્ઞાન મેળવી લીધું. અહીં તેઓ એક વર્ષ અનાજના વેપારનો અનુભવ લઈને મુંબઈમાં એક કચ્છી વેપારી શ્રી કેશવજી દેવજી સાથે ભાગીદારીમાં વેપાર શરૂ કર્યો અને ૧૩ વર્ષની વયે પહોંચતા સુધીમાં તો તેમણે ધનોપાર્જનમાં ઠીક-ઠીક પ્રમાણમાં સફળતા મેળવી લીધી.

મુંબઈના ધમાલિયા જીવનથી જ્યારે કંટાળો આવે ત્યારે પ્રસંગોપાત તેઓ ચોપાટની રમત રમતા. તે જમાનામાં ચોપાટ મનોરંજન માટેનું સમાજ વ્યાપી સાધન ગણાતું.

## ચોમાસાનો નિવૃત્તિકાળ અને ધર્મોપાસના :

તે જમાનામાં સામાન્યપણે કચ્છીઓ આઠ મહિના વેપાર-ધંધા અર્થે ગામ પરગામ વસતા અને ચોમાસુ બેસે એટલે ધંધામાંથી નિવૃત્તિ લઈ વતનમાં આવતા. અહીં તેઓ સત્સમાગમ પ્રભુ સ્મરણ અને ધાર્મિક તહેવારોમાં ભાગ લઈને પોતાના જીવનને ઉજ્જવળતા અર્પતા. તે જમાનામાં રીતિ - રિવાજો મુજબ તેર વર્ષની ઉંમરે હાંસબાઈ નામની કન્યા સાથે તેમના લગ્ન થયેલા લગ્ન પછી ત્રણેક વર્ષ મુંબઈ સનાવાદ અને બેલાપુરમાં વેપાર-ધંધા અર્થે જવાનું થતું અને વચ્ચે ચોમાસામાં વતનમાં આવવાનું બનતું ત્યારે ભોરારા, મુન્દ્રા, અંજાર વગેરે ગામોમાં લીંબડી સંપ્રદાયના ગુલાબચંદ્રજી મહારાજ અને તેમના સંપ્રદાયના સાધુઓનો સમાગમ થતો. આ રીતે ધાર્મિક જીવન જીવવાની અને વૈરાગ્ય વધારવાની પ્રેરણા મળતી રહેતી.

### વૈરાગ્ય અને દીક્ષા:

વિ.સં. ૧૯૫૧માં તેમના વૈરાગ્યને દ્રઢ બનાવનારો એક પ્રસંગ બની ગયો. આ વખતે તેઓ બેલાપુરમાં હતા ત્યારે ઘરેથી પત્ર આવ્યો "તેમના પત્ની હાંસબાઈએ પુત્રીને જન્મ આપ્યો છે અને તે સાથે જ તેમનું અવસાન થયું છે." તરત રાયશીભાઈએ મોટાભાઈને મુંબઈ પત્ર લખ્યો, તારથી ખબર આપો કે, "ફરીથી વેવિશાળ ન કરે." આ બાજુ બેલાપુરમાં પત્નીના વિયોગના સમાચારથી રાયશીભાઈને સ્વાભાવિક દુઃખ તો જરૂર થયું હશે પણ ધાર્મિક વૃત્તિના સંસ્કારને પોષવાવાળો બે-ત્રણ કચ્છી ભાઈઓનો સમાગમ તેમને મળી ગયો. જેથી વેપાર સિવાયના સમયમાં વાંચન અને જ્ઞાનચર્ચા સારી રીતે થવા લાગી. બે ત્રણ માસ પછી તેઓ મુંબઈમાં રહેવા આવ્યા જ્યાં ખંભાત સંપ્રદાયના સાધુઓનો સમાગમ રહે તો. મોટાભાઈની રજા લઈ તેવો વતન તરફ પાછા ફર્યા. અહીં સંવત 1992 ગુલાબચંદ્રજી મહારાજનું ચોમાસુ ચાલતું હતું. એની ફરી વેવિશાળ ન કરવાની વાત ગામમાં ઠીક પ્રસરી ગઈ હતી. એટલામાં મોટાભાઈ શ્રી નટુભાઈનો પણ આ વાતને સમર્થન આપતો પત્ર આવી ગયો. માતા લક્ષ્મીબાઈએ મમત્વને લીધે ઘણા કાલાવાલા કર્યા કારણકે સોળ વર્ષના દીકરાની દીક્ષાની આજ્ઞા આપવા કઈ માતા તૈયાર થાય? પિતાજી આ બાબતે મૌન રહેતા. તેથી પુત્રને સમજાવવાનો બધો બોજો માત્ર માતાના માથા ઉપર જ આવી પડ્યો હતો. રાયશીભાઈના વધતા અને દ્રઢ થયેલા વૈરાગ્ય સામે માતાને આખરે ઝૂકવું પડયું, સંયમ લેવાની લીલી ઝંડી મળી ગઈ. તે અનુસાર સત્તર વર્ષના રાયશીભાઈની પ્રવજ્યા વિ.સં. ૧૯૫૩ના જેઠ સુદ ત્રીજને ગુરુવારે તેમના જ વતનમાં અનેક સાધુ - સાધ્વીઓ આદિ ચતુર્વિધ સંઘની વિશાળ હાજરીમાં ઉલ્લાસ ભાવથી સંપન્ન થઈ. આમ શ્રી ગુલાબચંદ્રજી મહારાજને ગુરુપદે સ્થાપી રાયશીભાઈ શ્રી રત્નચંદ્રજી મહારાજ બન્યા અને સાત દિવસ બાદ મુન્દ્રામાં તેમની વડી દીક્ષા થઈ.

## સરસ્વતીની અખંડ અને ઉપાસના:

નાનપણના વૈરાગ્યના સંસ્કાર દીક્ષા લેતાં નવપલ્લવિત થયા અને અખંડ જ્ઞાન ઉપાસનામાં રચ્યાપચ્યા રહેવાની ઉત્તમ વૃત્તિ જાગી. વડી દીક્ષા પછી માંડવી તરફ વિહાર થયો વચ્ચે આવતા દેશલપુર ગામમાં અષાઢ સુદ એકમને દિવસે સંસ્કૃત ભાષાના વ્યાકરણ અભ્યાસનો પ્રારંભ કર્યો અને જામનગરથી આવેલા શાસ્ત્રીજીની સાથે રહી સિદ્ધાંતચંદ્રિકાનો પહેલો ભાગ પૂરો કર્યો. સંવત ૧૯૫૫ના અંજારના ચાતુર્માસમાં સિદ્ધાંતચંદ્રિકાનો બીજો ભાગ રઘુવંશ, શ્રુતબોધ અને વૃત્તરત્નાકર વગેરે ગ્રંથોનો અભ્યાસ કર્યો. તેઓશ્રીની સ્મરણશક્તિ અને બુદ્ધિની તેજસ્વિતા અદભુત હોવાથી આગળના 1956 અને 1957ના જામનગર અને જૂનાગઢના ચાતુર્માસમાં તેઓએ વિવિધ શાસ્ત્રીઓ પાસે સિદ્ધાંતકૌમુદી, શિશુપાલ વધ, કુવલયાનંદ કાલિકા આદિ ગ્રંથો પૂરા કરીને પછીના છ માસમાં તર્કસંગ્રહ, ન્યાયબોધિની, ન્યાય દીપિકા, ન્યાયસિદ્ધાંત - મુક્તાવલિ, સાધનિકા અને દિનકરી એમ અતિ કઠિન ગણાતા ન્યાયશાસ્ત્રના છ ગ્રંથો પૂરા કરી લીધા.આ ઉપરાંત મનોરમા અને શબ્દેન્દુશેખર નામના વ્યાકરણ ગ્રંથો અને અનુયોગદ્વાર, ચંદ્ર પ્રજ્ઞપ્તિ, સૂર્ય પ્રજ્ઞપ્તિ, દશવૈકાલિક અને વિવિધ થોકડાઓનો સારો અભ્યાસ કરી લીધો. 1960ના અંજાર ચાતુર્માસમાં અંગ્રેજી ગણિત અને જ્યોતિષવિદ્યાનો જરૂર પૂરતો અભ્યાસ પૂરો કરી લીધો. ૧૯૬૧ના ખેડોઈના ચાતુર્માસ પહેલા મિથિલાના સુપ્રસિદ્ધ શાસ્ત્રી શશીનાથ ઝા પાસે તેમણે પંચલક્ષણી, સિદ્ધાંતલક્ષણ, રસગંગાધર, સાંખ્યતત્વકૌમુદી વગેરે ન્યાય, સાહિત્ય અને દર્શનશાસ્ત્રના વિવિધ ગ્રંથોનું અધ્યયન પૂરું કર્યું. ખેડોઈના ૧૯૬૧ના ચાતુર્માસ પછી કચ્છના કાંઠાના ગામોમાં વિહાર કરતાં તેઓ શીતળાની બીમારી થયેલી, પણ તેમાંથી ધીમે ધીમે સારું થઈ ગયું. ન્યાય શાસ્ત્રના અધ્યયનના છેલ્લા તબક્કાની પૂર્ણાહુતિ ચોટીલા મુકામે શાસ્ત્રી બાલકૃષ્ણ મિશ્ર પાસેથી વ્યુત્પત્તિવાદ, શક્તિવાદ, સાધારણ હેત્વાભાસ વગેરે ગ્રંથોના અભ્યાસથી વિ.સં. ૧૯૬૪માં થઈ.

આમ 27 વર્ષની અવસ્થા સુધીમાં એટલે કે દીક્ષા જીવનના પ્રથમ દસ વર્ષ દરમ્યાન તેઓએ જ્ઞાન સાધનામાં જે અતિ ઉત્સાહ દાખવ્યો તેને લીધે સંવત 1956માં જામનગરના ચાતુર્માસથી ખીલ સહિત આંખની અનેક બીમારીઓ આવી અને ચશ્માનો સ્વીકાર કરવો પડ્યો. ત્યાર પછી વારંવાર તાવ ગૂમડાં, શીતળા અને કાનની રસી તથા ગળાના કાકડા એમ અનેક દર્દો થયા. આ દર્દોનો હુમલો થવા છતાં તેમણે પોતાનું અધ્યયન તો સતત ચાલુ જ રાખેલું અને શાંત ભાવથી સહનશીલતાના ગુણોનો વિકાસ કરીને પોતાના ચારિત્રને શોભાવ્યું હતું. આમ આ કાળ દરમ્યાન દેહ પ્રત્યેના મમત્વનાનો ત્યાગ સારા પ્રમાણમાં તેમના જીવનમાં દ્રષ્ટિગોચર થાય છે.

## અવધાન શક્તિ કેળવવાનો અને સાહિત્ય રચનાનો પ્રારંભ:

તેમણે સંવત ૧૯૬૩થી અવધાનશક્તિ કેળવવાનો પ્રારંભ કર્યો હતો. સંવત ૧૯૬૪ના ચાતુર્માસ દરમ્યાન ભાવનાશતક અને કર્તવ્યકૌમુદી નામના સંસ્કૃત ગ્રંથો લખવાની તેમણે શરૂઆત કરી. મહારાજશ્રીની બુદ્ધિ તેજસ્વિતા ગ્રહણશક્તિ અને ધારણાશક્તિ અદભુત હોવાથી આ વિષયમાં પ્રારંભથી જ તેઓને સારી સફળતા પ્રાપ્ત થવા લાગી. જેથી અનુક્રમે આઠ અવધાન, સત્તર અવધાન અને પચાસ અવધાન કરવાની શક્તિ તો તેઓ એ પહેલા જ વર્ષમાં પ્રાપ્ત કરી લીધી. એકીસાથે અનેક વસ્તુઓને ચિત્તમાં ધારણ કરી રાખવાની આ અવધાનની કળા મનની એક વિરલ શક્તિ છે અને વિશિષ્ટ સ્મરણશક્તિવાળી વ્યક્તિ જ તેને સિદ્ધ કરી શકે છે.

પોતાનાથી થોડા વર્ષો પૂર્વે થયેલા પંડિત શ્રી ગટ્ટુલાલજી, પંડિત શ્રી શંકરલાલ મહેશ્વર તથા શ્રીમદ રાજચંદ્રજી આદિ વિવિધ અવધાનકારો પાસેથી તેમણે પ્રેરણા મેળવી હતી. પોતાના વિશાળ શાસ્ત્ર અધ્યયનથી અને ઊંડા ચિંતન મનનથી પ્રાંજલ થયેલી તેમની પ્રજ્ઞાથી અને વિશિષ્ટ ધારણાશક્તિથી થોડા જ કાળમાં એક્સોએક અવધાન કરવાની શક્તિ સહજ પણે તેમણે પ્રાપ્ત કરી હતી. આગળ ઉપર ગુરુકુળ પંચકુલામાં તેઓએ પોતાની વિશિષ્ટ અવધાનશક્તિના પ્રયોગો કર્યા ત્યારથી તેઓ ભારતભૂષણ અને શતાવધાની તરીકે ઓળખાવા લાગ્યા.

ભાષા, વ્યાકરણ અને પાદપૂર્તિના વિશિષ્ટ જાણકાર હોવાથી અને શીઘ્ર કવિત્વ પ્રાપ્ત કર્યું હોવાથી ગુજરાતી અને સંસ્કૃત ભાષાના અનેકવિધ વિષયો ઉપર તેઓ પાદપૂર્તિ કરી શકતા. તેમની આ વિષયો પરની નિપુણતા મહાકવિ નાનાલાલ, શાસ્ત્રી શ્રી રામકૃષ્ણ હર્ષજી, શ્રી કેશવલાલ ધ્રુવ, શ્રી હીરાચંદ મોતીચંદ, શ્રી પોપટલાલ પુંજાભાઈ, શ્રી કેશરમલજી ચોરડીઆ, અલ્વરના શ્રી રામચંદ્રજી ભટ્ટ, પંડિત શ્રી મન્નારાયણજી આદિ મહાનુભાવો સાથેના સમાગમ અને વાર્તાલાપમાં સ્પષ્ટપણે પ્રતિબિંબિત થાય છે. પ્રજ્ઞાચક્ષુ શ્રી સુખલાલજીએ મહારાજશ્રીને શ્રદ્ધાંજલિ આપતા કહ્યું હતું કે વિશિષ્ટ કક્ષાના મુનિશ્રી એક વિશ્રુત શતાવધાની હતા. અવધાન કરવાની વિદ્યા ગુજરાતીઓને જ વારસામાં મળી હોય તેવું લાગે છે. આ વિષયમાં તેઓશ્રીએ ૧૫મા સૈકાના સહસ્ત્રાવધાની મુનિ સુંદરસુરિ, ઉપાધ્યાય શ્રી યશોવિજયજી, શ્રી ગટ્ટુલાલજી, શ્રીમદ રાજચંદ્રજી, શ્રી શંકરશાસ્ત્રી તથા મુનિ શ્રી સંતબાલજી આદિ ગુજરાતના અનેક મહાનુભાવોનો ઉલ્લેખ કર્યો હતો. આધ્યાત્મિક દૃષ્ટિએ વિચારતાં અવધાનીની સાચી યોગ્યતા તે કેટલા અવધાન કરે છે તેના પરથી સિદ્ધ થતી નથી પરંતુ તેનામાં રહેલો ગંભીર વિદ્વતા, વિશિષ્ટ પ્રજ્ઞા અને ચિત્તની નિર્મળતા ઉપર અવલંબે છે. આ અવધાન શક્તિ લોકરંજન કે ખ્યાતિ પ્રાપ્તિનો હેતુ ન બને પરંતુ આત્માની શુદ્ધિ સહિત ચિત્તની એકાગ્રતામાં સહયોગરૂપ થાય તો તેના

દ્વારા ત્વરાથી આત્મવિકાસ સાધી શકાય છે અને જીવનના સર્વોચ્ચ શિખરે પહોંચી શકાય છે. આ વાત અવધાન કરનાર સૌ એ ખ્યાલમાં રાખવી જોઈએ.

સાધુ અને શ્રાવકો વચ્ચે એવી એક કડી હોવી જોઈએ જેથી સાધુ અધ્યાત્મની સાધના કરી શકે અને શ્રાવક આરંભ-સમારંભ વગેરેનું આયોજન કરી શકે તે માટે 'વીરસંઘ'ની સ્થાપના કરી. જૈન સાહિત્યના - અજરામર સ્તોત્ર, અજરામર સ્વામીનું જીવન ચરિત્ર, કર્તવ્ય કૌમુદી, ભાવનાશતક, રત્ન મલ્લિકા, જૈન આગમ શબ્દકોશ, અર્ધ-માગધી શબ્દ રૂપાંતર કોષ, અર્ધ-માગધી ધાતુ રૂપાંતર, જૈન સિદ્ધાંત કૌમુદી, રેવતી દાન સમાલોચના, અર્ધ-માગધી કોષના -5 ભાગ, આત્મસ્વરૂપ, સૃષ્ટિવાદ, ઈશ્વર, અનુયોગવાદ સૂત્રનો સાર, ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર સાર, પરમગ્રંથ સુત્રસાર, બળવંચન માળા, વિદ્યાર્થી વાંચન માળા, વ્યાખ્યાનો, વાસુદત્ત, કલાવતી,અમરકુમાર,અનાથી મુનિ, સંસ્કૃત ગુજરાતી પદ્યો...રત્નચંદ્રજીએ ગ્રંથો આપ્યા છે.

ભાવનાશતક :

આ પુસ્તક દ્વારા જૈન સમાજમાં ભતૃહરિ રૂપે પ્રસિદ્ધ થયા. અનુપ્રેક્ષા ચિંતનમાં આવેલ બાર ભાવનાને સુંદર રીતે ચરિતાર્થ કરી છે. લોક સ્વરૂપ ભાવનાનું ચિંતન : સમગ્ર બ્રહ્માંડમાં આપણા સ્થાન વિશેની વાત છે. મંદિરનો પૂજારી સ્વપ્ન જુએ છે અને તેમાં તે સ્વર્ગનાં દ્વારે આવ્યો છે અને મનોમન વિચારે છે કે જીવનભર ઈશ્વરની પૂજા કરી છે તો ઈશ્વર પોતે જ એનું સ્વાગત કરવા આવશે. કોઈ આવતું નથી અને તે ટકોરા મારે છે ત્યારે અંદરથી દ્વારપાળ પૂછે છે કે ક્યાંથી, કઈ પૃથ્વી, કઈ નિહારિકા વગેરેથી આવ્યા છો? ત્યારે પૂજારી વિચારે છે કે આ લોકોને ક્યાંથી ખબર પડશે કે હું કોણ છું ?

રેવતીદાન સમાલોચના :

અત્યંત નેનો ગ્રંથ છે પણ ઘણી ગહનતા જોવા મળે છે. ગોશાલકે જયારે ભગવાન મહાવીર પર છોડી ત્યારે તેજોલેશ્યા સ્પર્શતી નથી પણ ભગવાનને અતિસાર થઈ જાય છે. તે સમયે અફવા ફેલાય છે કે તેજોલેશ્યાની લીધે ભગવાન મહાવીર કાળધર્મ પામશે અને ગોશાલક ઉદયમાં આવશે. એ સમયે જે અણગાર હતા તે વિચારે છે કે મારા ભગવાન મહાવીર જયારે આ પરિસ્થિતિમાં છે તે જાણીને ભગવાન પાસે જઈને કલ્પાંત કરે છે. તે સમયે ભગવાન અતિ શાંત ચિત્તે કહે છે કે, આ પીડા તેમની નહીં પરંતુ તેમના દેહની છે અને જો તમને મને જોઈને પીડા થતી હોય તો તમે રેવતી શ્રાવિકા પાસે જાઓ અને તે ગાથા પતિની પત્ની જે ઔષધિ ઓરાવશે તેનાથી મારી પીડા દૂર થશે. એ સમયે એવી વાત ફેલાય છે કે ભગવાન મહાવીરે માંસાહાર કર્યો. અન્યધર્મીઓ આરોપ મૂકે છે કે, દિગંબર મુનિઓ સ્ત્રીઓના હકને છીનવે છે અને શ્વેતાંબરોના

ભગવાન તો માંસાહાર કરે છે. આવી વાતોના વિરોધમાં ઘણી ચર્ચા, મતમતાંતર થાય છે, જૈન શાસનની અવહેલના, વાણીની નિંદા થઈ રહે છે. અજિત પ્રસાદ શાસ્ત્રી સાંપ્રદાયિક માનસિકતાને કારણે એટલી હદે લખે છે કે 'રેવતી તો માંસાહારી છે.' તે સમયે આચાર્ય રત્નચંદ્રજી એકદમ વ્યથિત બને છે સંપૂર્ણ રાત ચિંતન કરીને જયપુરમાં એક મહાસભા 'ભરીને રેવતી-દાન-સમાલોચના' નામનું શોધપત્ર પ્રસ્તુત કર્યું. એમાં દસ પ્રાચીન સંદર્ભ ગ્રંથોનો આધાર લીધો હતો, એકેક શબ્દનું ચિંતન, મનન, પરિશીલન કર્યા પછી શોધ પત્ર તૈયાર કર્યું. વૈદિક શબ્દસિંધુ, વનઔષધિ એષ્ણા, નિઘંટુ, વૈયાકરણી ગ્રંથ, કાલિકા, સુશ્રુત સંહિતા, વાગ્ભટ્ટ પ્રાચીન સંહિતા....નું અધ્યયન કરીને એનો સંદર્ભ આપી સિદ્ધ કર્યું કે રેવતીએ જે ઔષધિ ઓરાવી હતી તે 'બિજોરાં પાક' હતી. તેમણે સાબિત કર્યું કે શબ્દોની ગેરસમજણને કારણે જ એવું થયું છે. બાકી ભગવાન મહાવીર અને જૈન ધર્મ માંસાહાર અને હિંસાના વિરોધી છે.આ ભ્રમનિરસન કરવાનું કાર્ય શતાવધાની રત્નચંદ્રજી મહારાજે કર્યું.

<u>રત્નચંદ્રજી અર્ધ-માગધી કોશ:</u>

અતિ મહત્વનો ગ્રંથ પાંચ ભાગમાં આ કોશ તૈયાર કર્યો હતો. ભારતમાં ડૉ. હર્નલે 'ઉપાસક દશાંક' **1988, 1912** માં યોગશૈલીએ 'પ્રાકૃતિક ગ્રંથ' **1910** માં આચારાંગસૂત્ર પર અર્ધમાગધી કોશ, 'ભગવતી સૂત્ર',દાતાધર્મકથા,કાલ્પસત્ર ..આવા અનેક કોશ તૈયાર થયા છે. રત્નચંદ્રજી મહારાજે **1973**થી આરંભેલી સાહિત્ય સાધનામાં વ્યાકરણ, ભિન્ન ગ્રંથોનો આદિનો અભ્યાસ કરતા-કરતા **1973** થી **1988** સુધીમાં પાંચ ભાગ - સાડા આઠ હજાર પારિભાષિક શબ્દો, સમજૂતી પ્રાકૃત, હિન્દી, ગુજરાતી,અંગ્રેજી એમ પાંચ ભાષાઓમાં સમજણ અને **1000** અવતરણ મૂકવામાં આવ્યા હતા. આ એક અવતરણ કોશ પણ કહેવાય, પારિભાષિક શબ્દોની સમજણ આપવા કેટલીક ટૂંકી કથાઓ, દ્રષ્ટાંતો પણ આપ્યાં. ઓગણીસ વર્ષની શ્રુતસાધનામાં આ ગ્રંથ બનવવા કેટલાક સંતોનો સહયોગ લીધો એમાં : ઉત્તમચંદ્રજી, આત્મારામજી, માધવમુનિ, દેવચંદ્રમુનિ, મુંબઈ, લીંબડી, ધોરાજી, સુરત વગેરે શહેરના આઠ શ્રાવકોએ સતત સહયોગ આપ્યો. જાપાન જેવા દેશે આ કોશની પ્રતો કરી એ પરથી આ કોષની મહત્તા સમજી શકાય છે. અહીં જૂની અંગ્રેજીનાં શબ્દો મૂકાયા છે જે કદાચ અત્યારે ચલણમાં નથી, તે સિવાય ગુજરાતીનાં તળપદા શબ્દોનો સમાવેશ પણ છે. આગમના અંગ્રેજી ભાષાંતર માટે આ જ ગ્રંથને ધ્યાનમાં રાખીને કરીએ તો એકસૂત્રતા આવે છે. આ કોશ અત્યંત આશીર્વાદ રૂપ છે. ભવિષ્યની પેઢીમાં જૈન ધર્મની સમજણ માટે આ ગ્રંથ અતિ મહત્વનો બની રહેશે.

અજમેરના સાધુ સંમેલનમાં :

સ્થાનકવાસી સાધુ સમાજમાં તેમજ શ્રાવકોમાં તે જમાનામાં ઠીક પ્રમાણમાં શિથિલતા, કુસંપ, ઈર્ષ્યા અને વાદવિવાદ આદિ દુર્ગુણો વ્યાપકપણે દ્રષ્ટિગોચર થતા હતા. આ કારણથી સમાજના પ્રબુદ્ધ વર્ગમાં એવી માન્યતા પ્રવર્તતી હતી કે આ દૂષણોને દૂર કરવા માટે સાધુઓ અને શ્રાવકો માટે નિશ્ચિત આચાર સંહિતા ઘડાઈ તો સંપ વધે અને શિથિલ આચારનો યોગ્ય પ્રતિકાર થઈ શકે. ઉપર્યુક્ત ધ્યેયને સિદ્ધ કરવા માટે જે અનેક પ્રયત્નો થયા તેના અનુસંધાનમાં અને પરિપાકરૂપે અજમેરમાં બૃહદ સાધુ સંમેલન ભરવાનું નક્કી થયું આ કાર્યમાં પંજાબ, રાજસ્થાન, મારવાડ અને ગુજરાત-સૌરાષ્ટ્રના સમસ્ત સાધુ સમાજ તથા શ્રી દુર્લભજીભાઈ ઝવેરી, શ્રી ધીરજલાલ તુરખીયા, શ્રી હેમચંદભાઈ મહેતા આદિ પ્રખર સમાજ-હિતેચ્છુઓએ તેમજ મહા કવિશ્રી નાનાલાલ, પ્રજ્ઞાચક્ષુ શ્રી સુખલાલજી પંડિત, પં. બેચરદાસજી, શ્રી જિનવિજયજી અને લીંબડીના ઠાકોર શ્રી દોલતસિંહજીએ યોગ્ય સહકાર આપ્યો હતો. આ સંમેલનમાં 238 સંતો 40 સાધ્વીઓ અને હજારોની સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓનો સમુદાય એકત્ર થયો હતો.

ઉત્સાહભર્યા વાતાવરણમાં સંવત ૧૯૮૯ના ચૈત્ર સુદ દશમના દિવસે આ ચીર પ્રતિક્ષિત સંમેલનનો મંગલ પ્રારંભ થયો. સંમેલનમાં ગુજરાતના સાધુઓની સંખ્યા ૩૮ જેટલી હતી. મંગલાચરણ કરવાનું સૌભાગ્ય મુનિશ્રી રત્નચંદ્રજીને પ્રાપ્ત થયું હતું. શાંતિ રક્ષકો તરીકે ગુજરાતના શ્રી રામચંદ્રજી અને પંજાબના શ્રી ઉદયચંદ્રજી નિમાયા હતા. કાર્યવાહીના લેખકો તરીકે શ્રી આત્મારામજી અને શ્રીસંત બાલાજી નિમાયા હતા. યુવાચાર્ય પદ અને ઉપાધ્યાય પદની નિમણૂક, ચોમાસા નીમવાની અને દોષશુદ્ધિ આપવાની સત્તા - આ બાબતો વિષે સારું સમાધાન થયું. જુદા જુદા પ્રાંતમાં વિચારતા એક જ સંપ્રદાયના અને પૂર્વ પરસ્પર નહીં મળેલા સાધુઓને એકબીજાનો પરિચય કરી વાત્સલ્ય વધારવાની આ સંમેલનમાં તક મળી.

## ઉત્તર ભારતનો વિહાર:

'સાધુ તો ચલતા ભલા' એ ઉક્તિ અનુસાર અજમેરનું સાધુ સંમેલન પૂરું થતાં જ મહારાજશ્રીએ જયપુર તરફ પ્રયાણ કર્યું. જૈન સાધુના જીવનમાં લોકસંપર્ક માટે, અનાસક્તિ જાળવવા માટે, વિવિધ પ્રકારના અનુભવો દ્વારા સંયમી જીવનનું ઘડતર કરવા માટે અને શરીરને નિરોગી રાખવા માટે ચાતુર્માસ સિવાયના સમયમાં સતત પાદવિહારની આજ્ઞા આપેલી છે. પછી શ્રી નાનજી ચંદ્રજી મહારાજએ આગ્રા તરફ વિહાર કર્યો અને શ્રી રતનદાસજી મહારાજએ વિવિધ સંઘોની વિનંતીથી જયપુરમાં ચાતુર્માસ દરમ્યાન જ્ઞાનની પરબ માંડી. મોટી સંખ્યામાં મુનિઓ તેમની પાસે રહી સંસ્કૃત પ્રાકૃત અને જૈન ધર્મનો વિશેષ અભ્યાસ કરશે એવી તેમની ભાવના હતી મહારાજશ્રીની આ ભાવનાનો પ્રતિભાવ મધ્યમ કક્ષાનો રહ્યો અને ચાર પંજાબી તથા આઠ રાજસ્થાની મુનિઓ એમ કુલ ૧૨ મુનિઓએ પૂજ્ય મહારાજશ્રી પાસે જ્ઞાન પરબનો ઠીકઠીક લાભ લીધો. અહીં

પણ ગુજરાતીઓની વિદ્યાપ્રાપ્તિ પ્રત્યેની બેદરકારી દૃષ્ટિગોચર થાય છે. અહીં અધ્યયન કાર્ય ઉપરાંત તેઓએ જયપુર વેધશાળાના અધ્યક્ષ શ્રી કેદારનાથ પાસેથી જ્યોતિષ અને ખગોળશાસ્ત્ર વિશે વિશેષ જ્ઞાન મેળવી લીધું હતું. તથા રેવતીદાન સમાલોચનાનો મહત્વપૂર્ણ નિબંધ પણ લખ્યો હતો. આ પ્રદેશની અસહ્ય ગરમીના પ્રભાવથી અલ્વર પહોંચતા તપસ્વી મુનિ શ્રી કપૂરવિજયજીનું સ્વાસ્થ્ય કથળ્યું. તેમને શીતળા નીકળ્યા, સન્નિપાત થઈ ગયો અને આઠ દિવસમાં તેઓ કાળધર્મ પામ્યા. આમ એક અગત્યના તપસ્વી અંતેવાસી શિષ્યના વિયોગનો આઘાત મહારાજશ્રીને સહન કરવો પડ્યો. આ દુઃખદ પ્રસંગના અનુસંધાનમાં મહારાજશ્રીને ચાતુર્માસ નિમિત્તે અહીં વિશેષ રોકાણ કરવું પડ્યું સમયના અભાવને કારણે **1990** નો ચાતુર્માસ અલ્વરમાં જ કરવો પડ્યો.

## દિલ્હી થઈને પંજાબમાં :

અલ્વરના ચાતુર્માસની પૂર્ણાહૂતિ થતા દિલ્હી તરફ વિહાર થયો. મહારાજશ્રીનો વિવિધ ભાષાઓ ઉપરનું પ્રભુત્વ વિશાળ સાહિત્ય જ્ઞાન અને અદભુત સ્મરણશક્તિને દર્શાવની વાત સાંભળીને બધી કોમના અને ધર્મના લોકો તેમના પ્રવચનનો લાભ લેતા. અહીં જ તેમને 'ભારતરત્ન'ની માનવંતી પદવી અર્પણ કરવામાં આવી હતી.દિલ્હીથી આગળ વિહાર કરીને યુવાચાર્ય શ્રી કાશીરામજી મહારાજ સાથે રોહતક થઈને અમૃતસર ભણી પ્રયાણ કર્યું. રસ્તામાં નાના-મોટા ગામોમાં જૈન સાધુઓમાં ઘર કરી ગયેલી સંકુચિતતા અને જૈન ગૃહસ્થ જીવનમાં વ્યાપેલા કુસંપ તથા દૂષણોને જોઈને મહારાજશ્રીને ઘણું દુઃખ થતું હતું. આથી તેઓ પોતાની વગ વાપરીને બને તેટલું સમાધાન કરાવીને સંપ અને ઉદારતાની ભાવનાઓ વધે તેવા પ્રયત્ન કરતા. આર્યસમાજની વિચારધારાની અહીંના જૈન સમાજ ઉપર વ્યાપક અસર થયેલી તે વાત તેમના ધ્યાનમાં આવવાથી જૈનવિદ્યાના પ્રચાર અને પ્રસાર માટે રોહતકમાં તેમણે ઠીક ઠીક પ્રયત્ન કર્યા. વિહાર દરમ્યાન શ્રી અમુલખ ઋષિનો તથા આર્યાજી પાર્વતીબાઈના સમાગમનો પણ તેઓને લાભ મળ્યો. જલંધર, કપૂરથલા અને વ્યાસ થઈને મહારાજશ્રીએ અમૃતસરમાં પ્રવેશ કર્યો ત્યારે ત્યાં જૈન સંઘે ખૂબ ઉત્સાહપૂર્વક તેમનું સ્વાગત કર્યું હતું. અહીં પૂજ્ય શ્રી સોહનલાલજી મહારાજના દર્શન સમાગમનો લાભ લઈ સિયાલકોટ, ગુજરાનવાલા, લાહોર ઇત્યાદિ ગામોનો વિહાર પૂરો કરી તેઓ શ્રી જંબુ આવ્યા. જાહેર પ્રવચનો દ્વારા જૈનેતર જનતાને પણ પોતાનાં ચારિત્રના પ્રભાવથી તેઓએ માંસ - મદિરાનો ત્યાગ કરાવ્યો હતો. ત્યાંથી પાછા ફરતાં **1991**ના ચાતુર્માસ અમૃતસરમાં થયા. અહીંના ચાતુર્માસ દરમ્યાન શ્રી સોહન જૈન ધર્મપ્રચારક સમિતિની રચના થઈ. આ સમિતિએ આગળ ઉપર મહારાજશ્રીની પ્રેરણાથી ગવર્મેન્ટ સંસ્કૃત કોલેજની સાથે જોડાયેલ મહાન વિદ્યાધામ શ્રી પાર્શ્વનાથવિદ્યા આશ્રમનો પ્રારંભ કર્યો હતો. શ્રી કાશીરામજી મહારાજને વિધિપૂર:સર પૂજ્ય

પદવી આપવાનો જાહેર સમારોહ સંપન્ન થયો. અહીંના સમાજે મહારાજશ્રીને 'વિદ્યાભૂષણ'ની ઉપાધિથી અલંકૃત કર્યા. પંજાબમાં વિહાર આગળ ચાલુ રાખી બલાચોર, નાલાગઢ, અંબાલા, પંચકુલા અને સિમલા થઈને પાછા ફરતી વખતે પ્રાકૃતિક સૌંદર્યવાળા બલાચોરમાં તેઓશ્રીએ ચાતુર્માસ કર્યો. પંજાબના આ ઠંડા પ્રદેશોમાં વિચારતાં મહારાજશ્રીની તથા શિષ્યોની તબિયત વારંવાર બગડતી. બલાચોરથી વિહાર કરીને મહારાજશ્રી ધીમે - ધીમે દિલ્હી આવી પહોંચ્યા.

## કાશી બનારસ માટેની ઝંખના:

પ્રજ્ઞાચક્ષુ પંડિત શ્રી સુખલાલજીની પ્રેરણાથી અને સમસ્ત સંઘને જૈન ધર્મનો તુલનાત્મક અભ્યાસ કરવાની તક મળે તે હેતુથી બનારસ જવાની તેમની ભાવના હતી. આ ભાવનાને મૂળ સ્વરૂપ આપવાના ઈરાદાથી દિલ્હીથી વિહાર કરી આગ્રા, વૃંદાવન, મથુરા ઈત્યાદિ તીર્થસ્થાનોનું અવલોકન કર્યું. આગ્રામાં કાનનો દુખાવો, લોહીનું દબાણ વગેરે અનેક બીમારીઓ આવી પડતાં આગળ વિહાર થઈ શક્યો નહીં અને ૧૯૯૪ના ચાતુર્માસ ત્યાં જ કરવાની ફરજ પડી. શરીરના અસહકારના કારણથી મહારાજશ્રીની બનારસ જવાની ભાવના ફળી શકી નહીં અને ચાતુર્માસ પૂરા થતા રાજસ્થાન તરફ વિહાર કરવો પડ્યો. **1995** ના ચાતુર્માસ અજમેર નક્કી થયા. દિલ્હી અને આગ્રાના અગ્રગણ્ય શ્રાવકો અને સાધુ સમિતિના સલાહકારો સાથે અનેક મસલતો કર્યા છતાં સંવત્સરીની એકતાનો કે સાધુઓની સમાચારીની સંહિતાનો કોઈ ઉકેલ શોધી શકાયો નહીં.

### અંતિમ ચાતુર્માસ :

ગરમી અને ઠંડીના અતિરેકો, આહારવિહારની અગવડો અને સમાજની એકતા માટેના સતત પ્રયત્નો તેમજ અનેકવિધ ચિંતાથી મહારાજશ્રીનું સ્વાસ્થ્ય જલ્દીથી કથળી રહ્યું હતું. પ્રોટેસ્ટ ગ્લેન્ડની વ્યાધિને લીધે પેશાબની તકલીફ રહેતી ઉપચારની સારી સગવડ મુંબઈમાં થઈ શકશે એમ લાગવાથી તે તરફ પ્રયાણ ચાલુ થઈ ગયું હતું. અંતે ડોક્ટર ટી.ઓ. શાહની હોસ્પિટલમાં પ્રોટેસ્ટ ગ્લેન્ડનું ઓપરેશન કરાવવું પડ્યું. જોકે ઓપરેશન સફળ થયું પણ ગેસ અને ન્યૂમોનિયામાં ઈત્યાદિને લીધે લાંબો સમય નબળાઈ રહી અને ચાર-પાંચ મહિને શરીરનું કંઈક ઠેકાણું પડ્યું.

સુદ્રઢ સમાજની રચના અને ધર્મપ્રચારનું કાર્ય નિરંતર થતું રહે તેવી ભાવના મહારાજશ્રીના હૃદયમાં અંતિમ સમય સુધી રહ્યા કરી. આ માટે જૈન પ્રકાશના તંત્રી શ્રી હર્ષદ દોશી, મુંબઈ સંઘના મંત્રી શ્રી ગિરિધરલાલ દફ્તરી, પ્રસિદ્ધ લેખક શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ તથા મુંબઈના અગ્રગણ્ય બુદ્ધિજીવીઓ

કેળવણીકારો અને સામાજિક કાર્યકરો સાથે સમાજના ત્રણ વિભાગો વીર શ્રમણ, સંઘ વીર બ્રહ્મચારી સંઘ અને વીર શ્રાવક સંઘ વિશે તેમણે વિગતવાર ચર્ચા વિચારણા કરી હતી.

## વિદાયની વસમી વેળા:

મહારાજશ્રીને લોહીના ઊંચા દબાણની બીમારી હતી. કાર્યની અધિકતાને લીધે તે રોગ ઉપર વિપરીત અસર થઈ. શ્રી જમનાદાસ ઉદાણીની નોંધ પ્રમાણે સંવત **1997** ના વૈશાખ વદ-૧૪ બુધવાર તદ્દનુસાર **14/5/1941**ના રોજ મહારાજશ્રીએ તેમની સાથે વીર સંઘની કાર્યવાહી અંગે લગભગ એક કલાક ચર્ચા કરી હતી. ડોક્ટરે દેવલાલી જવા માટે સૂચના કરી ત્યારે તેમણે સરળ શાંત સ્વભાવે જવાબ આપ્યો 'થોડા દિવસ માટે કાંઈ નથી કરવું મનને શાતા છે'.

બીજે દિવસે એટલે **15/5/1941**ને ગુરુવારના દિવસે તેમને ઠીક રહ્યું પરંતુ રાત્રે અઢી વાગે એકા એક શ્વાસ વધતો જણાયો, પક્ષઘાતની અસર જણાવા લાગી અને બ્લડપ્રેશર **230** સુધી વધી ગયું. મુંબઈથી મોટો ડોક્ટર આવી પહોંચે તે પહેલાં જ એટલે કે શુક્રવારે સવારે **4** કલાક **50** મિનિટે મહારાજશ્રીએ આ નશ્વર દેહનો ત્યાગ કર્યો. તેમના દેહવિલયના સમાચાર પ્રસરતા પશ્ચિમ ભારત અને ઉત્તર ભારતના અનેક નગરોમાંથી તથા કલકત્તા, રંગૂન, મદ્રાસ જેવા નગરોમાંથી લોકો તેઓશ્રીના અંતિમ દર્શનાર્થે આવવા લાગ્યા. જે પ્રત્યક્ષ ન પહોંચી શક્યા તેઓએ તાર - ટપાલ દ્વારા પોતાની શ્રદ્ધાંજલિ વ્યકત કરી. ઘાટકોપર મુકામે હજારો ભક્તોની હાજરીમાં તેઓશ્રીના દેહનો અગ્નિસંસ્કાર થયો.

## જીવંત સ્મારકો:

મહારાજશ્રીની બહુમુખી પ્રતિભાની પ્રેરણાથી થયેલા સર્વોપયોગી સ્મારકોની સંક્ષિપ્ત યાદી નીચે પ્રમાણે છે:

૧)પં. શ્રી રામચંદ્રજી જૈન કન્યા શાળા - ઘાટકોપર

૨)શતાવધાની રત્નજી પુસ્તકાલય (શ્રી પાર્શ્વનાથ વિદ્યા શ્રમ બનારસ સાથે સંલગ્ન)

૩) શ્રી રત્ન ચંદ્ર જી સ્થાનકવાસી જૈન પુસ્તકાલય - કઠોર

૪) શતાવધાની પંડિત રત્નચંદ્રજી જૈન મંદિર સુરેન્દ્રનગર

૫) શ્રી જૈન સાહિત્ય પ્રચાર સમિતિ - બ્યાવર

## વિહારના વિવિધ અનુભવો:

જૈન મુનિના પાદવિહારની સાથે અનેક પ્રકારનાં કષ્ટો અને કસોટી ના પ્રસંગો વણાયેલા હોય છે. રાજસ્થાન, મારવાડ, ઉત્તર હિન્દના બીજા પ્રદેશોમાંના મુનિશ્રી રત્નચંદ્રજીના બિહારના કેટલાક અનુભવો તેમના સંયમી જીવનના નિર્ભયતા, નિશ્ચલતા અને ધૈર્ય આદિ ગુણોની કસોટી કરનારા નીવડ્યા હતા.

૧) મુનિશ્રી રત્નચંદ્રજી આગ્રાથી ભરતપુર થઈને જ્યારે જયપુર તરફ આવી રહ્યા હતા ત્યારે માર્ગમાં સૂર્યાસ્ત થવાને અડધા કલાકની વાર હતી તે વખતે તેઓ એક મંદિર પાસે આવીને થોભ્યા. આવા મંદિરોમાં તેમને અનેકવાર આશ્રય લેવો પડ્યો હતો. તેથી આ મંદિરમાં પણ રાતવાસો કરવા સ્થાન મળી રહેશે એવી તેમની ગણતરી હતી પણ એ ગણતરી ખોટી પડી. મંદિરમાંથી આવો જવાબ મળ્યો અહીં રાત્રે કોઈ ને સુવા દેવામાં આવતા નથી, પાસે એક ખુલ્લી ધરમશાળા હતી તે તરફ આંગળી ચીંધવામાં આવી એટલે તેઓ એ ધર્મશાળામાં ગયા. એ ધરમશાળા એટલે ત્રણ બાજુથી ખુલ્લી પડાળી. તેમાં ગાર અને લીંપણ કશું ન મળે. ગાડાવાળાઓ ત્યાં આવતા તેઓ તાપણી કરતાં તેની રાખના ઢગલા પણ ત્યાં પડેલા. પોષ મહિનાની ટાઢ હતી. મુનિ શ્રી રત્નચંદ્રજી અને તેમના શિષ્યોએ કડકડતી ટાઢમાં તે રાત ત્યાં સમભાવપૂર્વક ગાળી.

૨) વિહારમાં એક વાર બસો નામનું રેલવે સ્ટેશન આવ્યું. રેલવે સ્ટેશનોમાં રાતવાસો કરવા માટે ઘણીવાર પરવાનગી મળતી હતી. પરંતુ બસોના સ્ટેશન માસ્તરેના કહી અને ગામમાં જવા કહ્યું. ગામ બે માઈલ દૂર હતું તપાસ કરતા એક જણે કહ્યું આગળ જતાં સડકને રસ્તે જ એક કોઠો છે ત્યાં રહી શકાશે. કોઠા પાસે પહોંચ્યા ત્યારે માત્ર પા કલાકનો દિવસ બાકી રહ્યો હતો. કોઠાનું મકાન અત્યંત જીર્ણ હતું અને પડું - પડું થઈ રહ્યું હતું. કોઈની એકાદ લાત વાગતા છાપરું તૂટી પડે એવું ! મકાનમાં ખાડા પડેલા બારણાનું નામનિશાન નહીં, ધૂળનો પાર નહીં ! જંગલી જાનવરોના પગલા પડેલા દેખાતા હતા, આવી વિકટ ભયજનક સ્થિતિમાં પણ એ મુનિમંડળ એ ત્યાં નિરુપદ્રવપણે રાત્રિ પસાર કરી.

૩) અજમેરથી પાછા ફરતાં એરનપુરા રોડ નામના સ્ટેશનેથી એકવાર મુનિ રત્નચંદ્રજીએ વિહાર કર્યો. ગાઈડ બુકમાં બતાવ્યા પ્રમાણે કોટાર નામનું એક નાનું સ્ટેશન નજીક પડતું હતું. સંધ્યા વેળાએ કોટાર પહોંચતા જણાયું કે સ્ટેશન તદ્દન ઉજ્જડ હતું. સ્ટેશન માસ્તર પણ ન મળે. થોડેક દૂર એક ઓરડીમાં સાંધા વાળો માણસ રહે તો હતો. તેની પાસે સ્ટેશનમાં રાતવાસો કરવાની રજા માંગતા તેને રજા આપી. રાત્રે મુનિઓએ પ્રતિકમણ કરીને બેઠા હતા ત્યાં લગભગ સાડા નવ વાગે એક થાનેદાર સાહેબ આવ્યા. તે જૈન સાધુઓથી કંઈક પરિચિત હતા. તેમણે ખુલાસો કર્યો કે આ સ્ટેશન પહેલા ઉજ્જડ ન હતું પણ અહીં ત્રણ ચાર વર્ષથી લૂંટફાટ ચાલે છે અને બે-ત્રણ સ્ટેશન માસ્તર લૂંટાઈ ગયા છે. તે આ સ્ટેશન નકામું થઈ પડ્યું છે. ગાડીના

સમયે ગાર્ડ પોતે જ ટિકિટ આપે છે. એ ગાડી રાતના 10:00 અને બીજી સવારે 10 વાગે આવે છે. ગાડીના સમય પહેલા અડધા કલાકે મારે હાજરી આપવી પડે છે.

10 વાગ્યા પછી ઘણી ગાડીઓ આવ-જા કરે છે પણ કોઈ ગાડી અહીં ઉભી રહેતી નથી. રોજ મધરાતે અહીં લૂંટારાઓ ભેગા થાય છે એટલે આ લૂંટારાઓનો અડ્ડો છે અને તેમાં તમે ઉતર્યા છો એટલે અહીં રહેવું સલામતી ભર્યું નથી. માટે અહીંથી એકાદ ફર્લાંગ દૂર મારી ઓરડી છે ત્યાં ચલો.

મુનિ શ્રી રત્નચંદ્રજીએ આ ભયોત્પાદક હકીકત સાંભળીને શાંતિથી અને નીડરતાથી કહ્યું, "ભાઈ રાતને વખતે અમે ક્યાંય જઈ શકતા નથી. અમારી પાસે એવું કશું નથી કે જે લૂંટી લેવાની લૂંટારાઓને ઈચ્છા થાય." બધા મુનિઓ ત્યાં જ રહ્યા રાત્રે ખૂબ વરસાદ પડ્યો તેથી ત્યાં લૂંટારુઓ આવ્યા જ નહીં અને મુનિઓએ એ સ્થળે શાંતિથી રાત પસાર કરી.

તે સ્ટેશનેથી આગળ વિહાર કરતા માર્ગમાં એક વાઘનો ભેટો થઈ ગયેલો પણ તે મુનિ મંડળથી પચ્ચીસેક કદમ જેટલે દૂરથી જરા પણ ઉપદ્રવ કર્યા વગર પોતાની માર્ગે પસાર થઈ ગયો.

૪) અજાણ્યા અને જૈન વસ્તી વિનાના ગામડામાં આહાર પાણી મેળવતા તેમને જાતજાતના અનુભવો થતા. રેલવે લાઇન પરથી વિહાર કરવાનો હોય અને વસ્તી બહુ દૂર હોય ત્યારે કોઈવાર રેલવેના ડ્રાઈવરને વિનંતી કરીને એન્જિનમાંનું પાણી મેળવવું પડતું. પંજાબના વિહાર દરમ્યાન ગામડામાં શિયાળાની ઋતુમાં ગરમ પાણી મળી શકતું પણ ઉનાળામાં કોઈ નાહવા માટે ગરમ પાણી કરે નહીં એટલે મળી શકતું નહીં ત્યારે છાશ મેળવીને ચલાવવું પડતું.

લાહોરથી પાંચેક માઈલ દૂર આવેલા સહાદરા નામના ગામડામાં તો છાશ કે પાણી કશું મળ્યું નહીં. લોકો પોતાનું દૂધ વેચી આવતા અને કોઈ છાશ બનાવતા જ નહીં. પછી છાશ હોય ક્યાંથી ?ત્યાંથી આહાર મળી શક્યો પણ છાશ - પાણી મળ્યા નહીં, છેક સાંજે પાંચ વાગતા એક કારખાનું ચાલુ થયું તેમાંથી ધગધગતું ગરમ પાણી મળ્યું તેને ઠારી પછી આહાર કર્યો.

૫) આવી અનેક મુશ્કેલીઓ ઉપરાંત જૈનેતરોને ઘેરથી આહાર મેળવતા કેટલીકવાર અપમાનો વેઠવા પડતાં, કોઈ પર તિરસ્કાર હતો, કોઈ તો ખડકીની બહાર સાધુઓને ઊભા રાખતા અને પછી ભિખારીને રોટલાનો ટુકડો આપતા હોય તેમ દયા દાન કરવા ઈચ્છતા. પરંતુ જૈન મુનિઓ ભિક્ષુક હોય છે પણ ભિખારી હોતા નથી. એવું જ્યારે તેમને સમજાવવામાં આવતું ત્યારે તેઓ સાધુઓને ઘરમાં પ્રવેશવા દેતા અને પછી જ એવા ઘરોમાંથી સાધુ આહાર ગ્રહણ કરી શકતા.